# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-07-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day: SUNDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.**

****************************************************

1) કેન્દ્રીય મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં સામૂહિક વૃક્ષારોપણ- એક જ દિવસમાં સવા કરોડ છોડનું વાવેતર કરાયું.
2) કેન્દ્રીય મંત્રી અમિત શાહ આવતીકાલે ગાંધીનગર NFSU ખાતે 11મી ઇન્ટરપોલ ડિજિટલ ફોરેન્સિક એક્સપર્ટ ગ્રુપની બેઠકનું ઉદ્ઘાટન કરશે.
3) સુરતમાં પૂરગ્રસ્તોને ઝડપથી સહાય મળે તે માટે રાજ્ય વેરા વિભાગના 13 અધિકારીઓના માર્ગદર્શનમાં 65 નવી ટીમોની રચના.
4) એક કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરનાર બે શખ્સની ભાવનગરમાંથી ધરપકડ.
5) રાજ્યમાં આગામી 7 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી.

------------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં એક જ દિવસમાં અંદાજે સવા કરોડ વૃક્ષોનું વાવેતર કરાયું. આ પ્રસંગે તેમણે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં વર્ષ-2029 સુધીમાં હરિત આવરણ 20 ટકા સુધી પહોંચાડવાની નેમ વ્યકત કરી.

**(BYTE: AMIT SHAH - 1.25 CR)**

શ્રી શાહે આજે અમદાવાદ મહાનગરપાલિકાના 405 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કર્યું. કાર્બન ઉત્સર્જન વિશે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે તેમણે દરેક નાગરિકને પોતાના ઘર પર સોલાર રૂફટોપ લગાવવા અને સોસાયટીના દરેક ખૂણે વૃક્ષ વાવવા અપીલ કરી.

**(BYTE: AMIT SHAH – ROOF TOP)**

અમદાવાદના સાયન્સ સિટી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં કુલ 101 ઑક્સિજન પાર્ક તથા 155 એસી ઈલેક્ટ્રિક BRTS-AMTS બસનું લોકાર્પણ પણ કરાયું.

આ ઉપરાંત, શ્રી શાહની ઉપસ્થિતિમાં અમદાવાદ શહેર તેમજ સમગ્ર ગાંધીનગર લોકસભા વિસ્તારને 'હરિયાળી લોકસભા' બનાવવાના ઉદ્દેશથી ITC India Ltd., વિશ્વનાથ રીઅલ્ટર્સ, એસોસિએશન ઑફ ઓટોમોબાઈલ ડીલર્સ અને શિતલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઇફકો, GUDA સાથે શહેરમાં વૃક્ષારોપણ અને સતત ત્રણ વર્ષ સુધી તેના જતન માટેના સમજૂતી કરાર કરાયા.

# AMIT SHAH TOMORROW

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આવતીકાલે ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી-NFSU ખાતે 11મી ઇન્ટરપોલ ડિજિટલ ફોરેન્સિક એક્સપર્ટ ગ્રુપ DFEG મીટિંગનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે 47 દેશોના પ્રતિનિધિ, કાયદા અમલીકરણ એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ હાજરી આપશે.

કેન્દ્રીય ગૃહમંત્રી ત્રણ સેન્ટર ઓફ એક્સેલન્સ, એશિયાની પ્રથમ 'સાયબર ફોરેન્સિક ઇન્વેસ્ટિગેશન વાન' અને વૈશ્વિક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરશે. આ પ્રદર્શનમાં 30 થી વધુ બહુરાષ્ટ્રીય કંપનીઓ પોતાની નવી ટેક્નોલોજી અને સાધનો પ્રદર્શિત કરશે. શ્રી શાહ ‘AI-સક્ષમ ડિજિટલ ફોરેન્સિક ઇન્વેસ્ટિગેશન’ વિષય પર પ્રથમ આંતરરાષ્ટ્રીય તપાસકર્તા સ્પર્ધા અને શિખર સંમેલનનું પણ ઉદ્ઘાટન કરશે.

આ ઉપરાંત શ્રી શાહ દહેગામ APMC ખાતે શાક માર્કેટનું લોકાર્પણ તેમજ અમૃત મહોત્સવની ઉજવણીમાં સહભાગી થશે.

# MANDVIYA PORBANDAR

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં પોરબંદરમાં આજે "યુવા સંવાદ" યોજાયો. જેમાં રાષ્ટ્ર નિર્માણ અને યુવા સશક્તિકરણ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી. કાર્યક્રમમાં ડૉ. માંડવિયાએ યુવા મંડળના સભ્યો સાથે સીધો સંવાદ સાધ્યો અને રાષ્ટ્રના વિકાસમાં યુવા શક્તિના યોગદાન વિશે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું.

કાર્યક્રમ અંતર્ગત યુવાનોએ દેશની પ્રગતિમાં પોતાની ભૂમિકા અને સ્થાનીય પ્રશ્નો અંગે તેમની સમક્ષ રજૂઆતો કરી હતી. ત્યારે મંત્રીએ પણ યુવાનોના વિચારોને આવકારી આગામી સમયમાં રમતગમત અને યુવા કલ્યાણ ક્ષેત્રે લેવાનારા પગલાંઓની માહિતી આપી હતી. આ પ્રસંગે યુવાનોમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ વધે તે માટે રમતગમત કિટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# CM RATHVA TRIBUTE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે છોટાઉદેપુરમાં પૂર્વ મંત્રી સ્વર્ગીય મોહનસિંહ રાઠવાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી. આ પ્રસંગે તેમણે સ્વર્ગીય રાઠવા દ્વારા જાહેરજીવનમાં આપેલી સેવાઓને યાદ કરી હતી. તેમણે શોકસંતપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવી અને દુઃખની આ ઘડીમાં રાજ્ય સરકાર તેમની સાથે હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે જનપ્રતિનિધિઓ, વિવિધ રાજકીય આગેવાનો, અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં શુભેચ્છકો જોડાયા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

---

**DESK**

# SURAT-SARVEY

સુરત શહેરમાં થયેલા ભારે વરસાદ બાદ પૂરગ્રસ્તોને ઝડપથી સહાય મળે તે માટે જિલ્લા કલેકટર તેજસ પરમાર દ્વારા સર્વેની કામગીરીને વેગ આપવામાં આવ્યો છે.

રાજ્ય વેરા વિભાગના 13 અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કુલ 65 નવી ટીમોની રચના કરવામાં આવી છે, જેમાં 338 કર્મચારીઓને તાત્કાલિક અસરથી સર્વેની કામગીરી સોંપવામાં આવી છે. આ તમામ ટીમો સૌથી વધુ અસરગ્રસ્ત ઉધના અને મજુરા વિસ્તારમાં  સર્વેની કામગીરી કરશે.

# BHAVNAGAR FRAUD

ભાવનગર જિલ્લામાં શેરબજારમાં રોકાણ કરાવી હજારો રૂપિયાની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. ફરીયાદકા ગામના બે પિતરાઈ ભાઈઓએ લોકોને શેરબજારમાં 20 ટકા વળતરની લાલચ આપી હતી જેમાં એક કરોડ 29 લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસે બંને આરોપીની ધરપકડ કરીને તેમની પૂછપરછ શરૂ કરી છે.

# VALSAD - MADAK PADARTH

વલસાડ જિલ્લામાં ડુંગરી પોલીસે 1 લાખ 9 હજાર રૂપિયાના માદક પદાર્થનો જથ્થો ઝડપી પાડયો છે, અને આ મામલે એક મહિલાની ધરપકડ કરીને NDPS હેઠળ ગુનો નોંધ્યો છે.

પોલીસને મળેલી  બાતમીના આધારે વલસાડ તાલુકાના ગોરગામના અરવાડા મંદિર ફળિયામાં આવેલી આંબાવાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો.જ્યાં એક મહિલા પાસેથી કુલ 2 હજાર 190 ગ્રામના માદક પદાર્થનો જથ્થો મળી આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આરોપી મહિલા સામે અગાઉ પણ પ્રોહિબિશન અને એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ અનેક ગુનાઓ નોંધાયેલા છે.

# WEATHER FC

રાજ્યમાં આગામી 7 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલમાં સક્રિય મોનસૂન ટ્રફ અને પશ્ચિમી વિક્ષોભની અસરને કારણે છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. ખરાબ હવામાન અને ભારે પવનને ધ્યાનમાં રાખીને આગામી 3 દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું.

(BYTE: PRADEEP SHARMA, SCIENTIST)

# SABARKANTHA POLO

સાબરકાંઠાના પોલો ફોરેસ્ટ નજીક જળાશયમાં ન્હાવા પડતાં બે યુવક ડૂબી ગયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જણાવે છે મોડાસાના ટીંટોઈ ગામના બે યુવકો જળાશયમાં નહાવા ઉતર્યા હતા, જ્યાં પાણીના જોખમી પ્રવાહમાં બંને ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક તરવૈયાઓની ભારે જહેમત બાદ એક યુવકનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો, જ્યારે ડૂબી ગયેલા અન્ય યુવકની શોધખોળ ચાલી રહી છે.

# AMRELI-RAJYMANTRI

અમરેલી જિલ્લાના વિવિધ ગામોમાં ઉંડા કરાયેલા તળાવોમાં નવા નીરની આવક થતાં, ઊર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ આજે નવા નીરના વધામણા કરીને જળસંચયનો સંદેશો પાઠવ્યો. અમરેલી અને કુંકાવાવ-વડિયા તાલુકાના સાજિયાવદર, બરવાળા બાવીશી, સણોસરા, જાળીયા, ઢોલરવા, કમીગઢ, માંડવડા અને ટીંબલા ગામોમાં નવા નીરના વધામણા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જળસંચય અને જળસિંચનના આ ભગીરથ પ્રયાસોથી વરસાદના પાણીનો તળાવોમાં સંગ્રહ થયો છે, જે ઉનાળામાં ખેડૂતો માટે અમૂલ્ય સાબિત થશે, ભૂગર્ભનું જળસ્તર ઊંચું આવશે તો, તેનાથી ખેતી અને પશુપાલનને પણ લાભ મળશે.

મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ કમીગઢ સ્થિત ગૌશાળાની મુલાકાત લીધી હતી. તેમજ ગ્રામજનો સાથે સંવાદ કરી સ્થાનિક પ્રશ્નો અને વિકાસ અંગે પણ ચર્ચા કરી હતી

# VALSAD BLOOD DONATION

વલસાડના રોલા ખાતે નાણાં મંત્રી કનુ દેસાઈની ઉપસ્થિતિમાં મહા રક્તદાન શિબિર યોજાઇ. જેમાં બે હજાર 700 બોટલ રક્ત એકત્ર કરાયું. આ પ્રસંગે 100થી વધુ વખત રક્તદાન કરનાર વીરોનું સન્માન પણ કરવામાં આવ્યું. દરમિયાન રક્તદાતાઓ માટે રાખવામાં આવેલા લકી ડ્રોમાં ઇલેક્ટ્રિક સ્કૂટર, એક્ટિવા અને મોબાઈલ ફોન જેવા આકર્ષક ઈનામો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.